# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) ખેડૂતો માટે નકલી બિયારણ -ખાતરના વેચાણને રોકવા માટે સરકાર બે નવા કાયદા લાવશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણાના પંચકુલાની મુલાકાતે.

3) ઓડિશામાં 22 માઓવાદીએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું.

4) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા આજે સવારે અમેરિકી બ્લુબર્ડ બ્લોકનું સંચાર સેટેલાઇટ લોન્ચ કરશે.

5) પ્રથમ પ્રદૂષણ નિયંત્રણ જહાજ, સમુદ્ર પ્રતાપ કોસ્ટગાર્ડમાં સામેલ.

6) મહિલા ક્રિકેટમાં, ભારતે ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને સાત વિકેટે હરાવ્યું.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SHIVRAJ SINGH CHOUHAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે સરકાર નકલી બિયારણ, ખાતર અને નકલી ખાતરના વેચાણને રોકવા માટે કડક કાયદા લાવવાની તૈયારી કરી રહી છે.

રાજસ્થાનના નાગૌર જિલ્લાના ખેડૂત સંમેલનને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે સંસદના આગામી સત્રમાં ખેડૂતો માટે બે ખરડા લવાશે.એકવાર આ કાયદા અમલમાં આવી ગયા પછી, હલકી ગુણવત્તાવાળા બિયારણ અને જંતુનાશકો વેચનારાઓ કાર્યવાહીથી બચી શકશે નહીં.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું ..

## BYTE: શિવરાજ સિંહ ચોહાણ

સભાને સંબોધતા, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોના ઉત્થાન માટે સતત કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે સરકાર રાજ્યભરના ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને મજૂરોને સશક્ત બનાવવા માટે અનેક પગલાં લઈ રહી છે.

આ પ્રસંગે, કેન્દ્રીય મંત્રીએ રાજ્યમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે 2,000 કરોડ રૂપિયાથી વધુના મંજૂરી પત્રો સોંપ્યા. વધુમાં, વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ ખેડૂતો અને પશુપાલકોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) કરવામાં આવ્યા હતા.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણાના પંચકુલાની મુલાકાત લેશે. સહકારી ક્ષેત્ર અને હરિયાણા પોલીસ પાસિંગ-આઉટ પરેડ અને પરિષદના કાર્યક્રમોમાં ભાગ લેશે.

તેઓ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની પ્રતિમાનું અનાવરણ પણ કરશે. આ મુલાકાત શ્રી શાહના વીર બાલ દિવસ નિમિત્તે હરિયાણા સરકારના રાજ્ય સ્તરના કાર્યક્રમમાં ભાગ લેવા સાથે સમાપ્ત થશે.

# NEW AIRLINES

નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ માહિતી આપી છે કે છેલ્લા એક અઠવાડિયામાં તેમણે ઉડયન ક્ષેત્રે નવી ભારતીય એરલાઇન્સની કંપનીઓ સાથે બેઠકો કરી હતી.

આ એરલાઇન્સમાં શંખ એર, અલ હિંદ એર અને ફ્લાયએક્સપ્રેસનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે આ એરલાઇન્સને મંત્રાલય તરફથી NOC મળી ચૂકી છે.

શ્રી નાયડુએ ઉમેર્યું હતું કે મંત્રાલય વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાંના એક એવા ભારતીય ઉડ્ડયનમાં વધુ એરલાઇન્સને શરૂ કરવા પ્રોત્સાહિત કરી રહ્યું છે.

# ODISHA MAOISTS

ઓડિશાના મલકાન-ગિરિ જિલ્લામાં 22 માઓવાદીએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

ઓડિશા સરકાર દ્વારા માઓવાદીના પુન:ર્વસન નીતિ સાથે પ્રોત્સાહન રકમના સંશોધનના કારણે માઓવાદીઓ સમાજની મુખ્ય ધારામાં પાછા ફરી રહ્યા છે

આ આત્મસમર્પણ અંગે પોલીસ મહાનિદેશક વાય. બી. ખુરાનિયાએ વધુ માહિતી આપી.

**(BYTE: DGP)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ISRO

ભારતીય અવકાશ સંશોધન સંગઠન -ઇસરો, આજે સવારે 8:54 વાગ્યે LVM3-M6 મિશન હેઠળ બ્લુબર્ડ બ્લોક-2 સંચાર સેટેલાઇટ લોન્ચ કરશે. આ લોન્ચિંગ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેના બીજા લોન્ચ પેડ પરથી થશે.

આ મિશન ભારતના સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલ LVM3નો ઉપયોગ કરશે. તે વિશ્વસનીય અને ઓછા ખર્ચે વાણિજ્યિક અવકાશ પ્રક્ષેપણમાં ભારતના રેકોર્ડને મજબૂત બનાવશે.

બ્લુબર્ડ બ્લોક-2 ઉપગ્રહ અમેરીકાના AST સ્પેસ મોબાઇલ દ્વારા વિકસાવવામાં આવ્યો છે. તેનાથી અવકાશ માંથી સીધી મોબાઇલ બ્રોડબેન્ડ કનેક્ટિવિટી સરળ બનશે. આ ઉપગ્રહથી સ્માર્ટફોન પર 4G અને 5G સેવાઓ વધુ સારી બનશે. ખાસ કરીને અંતરીયાળ અને અછતગ્રસ્ત વિસ્તારોમાં ઉપયોગી થશે.

આ મિશન જાહેર કનેક્ટિવિટી સુધારવામાં, કટોકટી દરમિયાન સંદેશાવ્યવહારને ટેકો આપવા અને અવકાશ-આધારિત ટેકનોલોજી દ્વારા વૈશ્વિક ડિજિટલ ઍક્સેસને વિસ્તૃત કરવામાં મદદ કરશે.

# SKY-NG

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠને અત્યાધુનિક આકાશ મિસાઇલ (આકાશ-એનજી)એ વપરાશ મૂલ્યાંકન પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ પરીક્ષણ દરમિયાન, મિસાઇલએ સીમા નજીકની ઓછી ઊંચાઇ અને લાંબા અંતરએ ઊંચી ઊંચાઇની તસવીરો સાથે નિશાનની વિવિધ રેન્જ અને ઊંચાઇ પર હવાઈ હુમલાઓને સફળતાપૂર્વક અટકાવ્યા હતા.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે યુઝર મૂલ્યાંકન પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ ડીઆરડીઓ, ભારતીય વાયુસેના અને ઉદ્યોગને અભિનંદન આપ્યા છે. તેમણે કહ્યું કે અત્યાધુનિક મિસાઇલ સિસ્ટમ ભારતીય વાયુસેનાની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે.

# SEA OF GLORY

ભારતીય કોસ્ટ ગાર્ડે,ગોવા શિપયાર્ડ લિમિટેડ ખાતે પ્રથમ પ્રદૂષણ નિયંત્રણ જહાજ, સમુદ્ર પ્રતાપને સામેલ કર્યું છે.

ગઈકાલે સમારોહ દરમિયાન આ જહાજને ઔપચારિક રીતે કોસ્ટ ગાર્ડને સોંપવામાં આવ્યું હતું. આ જહાજ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે, જેમાં 30 મિલીમીટર CRN-91 ગન, બે 12.7 મિલીમીટર સ્ટેબિલાઇઝ્ડ રિમોટ-કંટ્રોલ્ડ ગન, ઇન્ટિગ્રેટેડ ફાયર કંટ્રોલ સિસ્ટમ્સ અને સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

# INTERNSHIP

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે એક વ્યાપક ઇન્ટર્નશિપ નીતિ શરૂ કરી છે. જેનો ઉદ્દેશ્ય દેશની રમતગમત ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે પ્લેટફોર્મ બનાવવાનો છે.

મંત્રાલયે જણાવ્યું કે આ પહેલ મંત્રાલય અને તેની સ્વાયત્ત સંસ્થાઓમાં કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ ઇન્ટર્નશિપ તકો પૂરી પાડશે, જે તેમને રમતગમત શાસન, વહીવટ અને સંલગ્ન વ્યાવસાયિક ક્ષેત્રોમાં પ્રત્યક્ષ સંપર્ક પ્રદાન કરશે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગએ આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં અલગ અલગ સ્થળોએ ગાઢ થી અતિ ગાઢ ધુમ્મસની આગાહી કરી છે.

હવામાન વિભાગે ઓડિશા, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડ સહિત ઉત્તરપૂર્વ ભારતમાં ગાઢ ધુમ્મસની આગાહી પણ કરી છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, ઝારખંડ અને મધ્યપ્રદેશમાં ગાઢ ધુમ્મસની રહશે. બિહારમાં પણ ઠંડીની આગાહી કરી છે.

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈકાલે વિશાખાપટ્ટનમમાં પાંચ મેચની શ્રેણીના બીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને સાત વિકેટથી હરાવ્યું.

શ્રીલંકાના 129 રનના લક્ષ્ય સામે ભારતે 11.5 ઓવરમાં લક્ષ્ય હાંસલ કરી લીધું. ભારત માટે શેફાલી વર્માએ 34 બોલમાં અણનમ 69 રન બનાવ્યા અને વૈષ્ણવી શર્મા અને એન. શ્રી ચારણીએ બે-બે વિકેટ લીધી.

શ્રીલંકા માટે, કાવ્યા કવિંડી, મલ્કી મદારા અને કવિશા દિલહારીએ એક-એક વિકેટ લીધી. અગાઉ, ભારત મહિલા ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 128 રન બનાવ્યા. શ્રીલંકા માટે હર્ષિતા સમરવિક્રમાએ 33 રન સાથે સૌથી વધુ રન બનાવ્યા.

કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં, ભારત મહિલા ટી20 વર્લ્ડ કપની તૈયારીઓના ભાગ રૂપે શ્રીલંકા સામે પાંચ ટી20 રમી રહ્યું છે. આ જીત સાથે, ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-0 થી આગળ છે. શ્રેણીની આગામી મેચ 26 ડિસેમ્બરે તિરુવનંતપુરમમાં રમાશે.

આજથી વિજય હઝારે ટ્રોફીનો પ્રારંભ થશે. રોહિત શર્મા મુંબઈ માટે, જ્યારે વિરાટ કોહલી દિલ્હી માટે રમશે. વિજય હજારે ટ્રોફીમાં રમનારા ખેલાડીઓમાં ઋષભ પંત, શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ અને અભિષેક શર્મા જેવા નામો પણ શામેલ છે.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે.
- દિવ્ય ભાસ્કર લખે છે CMO બન્યું સત્તાનું કન્ટ્રોલ રૂમ, હવે ફક્ત ફાઈલો નહીં, કાયદો અને વહીવટી નિર્ણય પર નિયંત્રણ રાખશે...
- નવગુજરાત સમયની હેડલાઈન છે અમેરિકામાં ભારતીયો માટે ગ્રીનકાર્ડ મેળવવાની તક..
- બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા- ભારતમાં ઉગ્ર રોષ-આંદોલનો આ હેડલાઈન છે ગુજરાત સમાચારની....
- સંદેશ લખે છે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા- દેશભરમાં દેખાવો...
- ફૂલછાબના પ્રથમ પાના પર 1500 કરોડના કૌભાંડને પગલે સુરેન્દ્રનગરમાં કલેકટર, નાયબ મામલતદારને ત્યાં ઈડીના દરોડા.... સોના ચાંદીમાં ફાટ્યો તેજીનો જ્વાળામુખી... આ સમાચાર વાંચવા મળી રહ્યા છે...